# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર




ડાકોર ફાગણોત્સવ 2026 : લાખો પદયાત્રીઓના માર્ગોને સ્વચ્છ રાખવા વહીવટી તંત્ર સજ્જ

# ડાકોર જતાં માર્ગો પર સફાઈ માટે 35 ઈ-રિક્ષા સાથે સખી મંડળ તૈનાત રહેશે

**27મી ફેબ્રુઆરીથી** ચોથી માર્ચ સુધી રાસ્કાથી સેવાલિયા સુધીના માર્ગોનું રિયલ ટાઈમ મોનિટરિંગ થશે



(પ્રતિનિધિ) નડિયાદ તા.24

પવિત્ર યાત્રાધામ ડાકોર ખાતે 27મી ફેબ્રુઆરી 2026થી ચોથી માર્ચ 2026 દરમિયાન યોજાનારા ફાગણી પૂનમ મેળામાં ઉમટનારા લાખો શ્રદ્ધાળુઓની સુવિધા માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (DRDA) દ્વારા વિશેષ સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર અવસરે પદયાત્રીઓના માર્ગો પર ગંદકી ન ફેલાય તે માટે ટેકનોલોજી અને માનવબળના સમન્વય સાથે સઘન સફાઈ કામગીરી હાથ ધરવામાં આવશે.

મહેમદાવાદ, મહુધા, ઠાસરા અને ગળતેશ્વરના તાલુકા વિકાસ અધિકારીઓ સાથે સંકલન સાધીને રાસ્કાથી ખાત્રજ, મહુધા, અલીણા થઈ ડાકોર અને સેવાલિયા સુધીના મુખ્ય માર્ગો પર પ્લાસ્ટિક કચરા અને અન્ય ગંદકીના નિકાલ માટે સતત મોનિટરિંગ કરવામાં આવશે. આ કામગીરી માટે 35 જેટલી ઈ-રિક્ષા અને સખી મંડળની 20થી 30 બહેનોને જરૂરિયાત મુજબ સેવામાં જોડવામાં આવશે.

સ્વચ્છતા અભિયાનના સુચારુ અમલીકરણ માટે જિલ્લા કક્ષાએ ખાસ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. દરેક કર્મચારીએ નિયત સ્થળે હાજર રહી કામગીરીના અહેવાલ અને ફોટોગ્રાફ્સ રિયલ-ટાઈમમાં જિલ્લા કો-ઓર્ડિનેટરને મોકલવાના રહેશે. વહીવટી તંત્ર દ્વારા તમામ પદયાત્રીઓને મેળાના માર્ગો સ્વચ્છ રાખવા અને કચરો નિયત જગ્યાએ જ નાખવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

### વહીવટી તંત્ર દ્વારા વિશેષ સ્વચ્છતા ઝુંબેશ

શ્રદ્ધાળુઓની સુખ-સુવિધા અને આરોગ્યને ધ્યાને રાખીને જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા મુખ્ય માર્ગો પર વિશેષ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ આયોજન હેઠળ મહેમદાવાદના રાસ્કાથી ખાત્રજ ચોકડી, મહુધા, અલીણાથી ડાકોર મંદિર અને સેવાલિયા સુધીના તમામ મુખ્ય માર્ગો પર સતત સફાઈ માટે વિશેષ દેખરેખ રાખવામાં આવશે.

### શ્રદ્ધાળુઓની સુવિધા માટે ઠેર-ઠેર ડસ્ટબિન અને મોબાઈલ ટોયલેટની વ્યવસ્થા

ગળતેશ્વર અને ઠાસરા પંથકમાં પણ પદયાત્રીઓની મોટી સંખ્યાને ધ્યાને લઈ કચરાના નિકાલ માટે વિશેષ ટીમો તૈનાત કરવામાં આવી છે. યાત્રાધામના રૂટ પર ઠેર-ઠેર ડસ્ટબિન મૂકવામાં આવશે અને મોબાઈલ ટોયલેટની સુવિધા જાળવવામાં આવશે. આ ઉપરાંત, પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા અને સ્વચ્છતા જાળવવા માટે સ્વયંસેવકો દ્વારા જનજાગૃતિ ફેલાવવામાં આવશે. વહીવટી તંત્રએ તમામ શ્રદ્ધાળુઓ અને સેવા કેમ્પના આયોજકોને પવિત્ર યાત્રાધામની ગરિમા જાળવવા અને કચરો માત્ર નિયત કચરાપેટીમાં જ નાખવા નમ્ર અપીલ કરી છે.

# સંતરામપુરમાં ચાલુ બસમાંથી ફંગોળાયેલા કોન્સ્ટેબલનું મોત

**વાંકડી ગામથી** ગોધરા જતાં માર્ગ પર પૂરઝડપે વળાંક લેતાં દરવાજે ઊભેલો યુવક બહાર પટકાયો



(પ્રતિનિધિ) સંતરામપુર તા.24

સંતરામપુરના વાંકડી ગામથી ગોધર જતા માર્ગ પર પૂરપાટ ઝડપે જતી એસટી બસના ચાલકે બેદરકારી રીતે વળાંક લેતા દરવાજા પાસે ઉભેલા કોન્સ્ટેબલ બહાર ફંગોળાયા હતા. આ અકસ્માતમાં કોન્સ્ટેબલનું મોત નિપજ્યું હતું. આ અંગે સંતરામપુર પોલીસે બસ ચાલક અને કંડક્ટર સામે ગુનો નોંધ્યો હતો.

અમદાવાદની કણભા પોલીસ લાઈનમાં રહેતા રામસીંગ ભૂંડાભાઈ ભેદી પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતાં હતાં. તેઓની કણભા પોલીસ સ્ટેશનમાંથી અસલાલ પોલીસ સ્ટેશનમાં બદલી થઇ હતી. દરમિયાનમાં 22મી ફેબ્રુઆરીના રોજ બે દિવસની રજા લીધેલી હોવાથી રામસીંગ, તેમના પત્ની સુમિત્રાબહેન અને પુત્ર આરવ સાથે એસટી બસમાં તેમના વતન સંતરામપુરના નાની રેલ (પ) ગામે ગયાં હતાં. જ્યાંથી 24મીના રોજ પરત અમદાવાદ જવા મોરવાથી અમદાવાદ જતી બસમાં ચડ્યાં હતાં. જોકે, બસમાં જગ્યાં ન હોવાથી તેઓ ઉભા રહ્યાં હતાં. આ સમયે રામસીંગ તેમની પાસે રહેલી બેગ બસની અંદર મુકવા જતાં હતાં. પરંતુ ચાલકે બસ હંકારી મુકી હતી. થોડે દુર જતા વળાંક આવતાં ચાલકે પૂરઝડપે વળાંક લીધો હતો. જેના કારણે રામસીંગ ફંગોળાયાં હતાં અને બસના દરવાજા સાથે અથડાયાં હતાં. જેથી દરવાજો ખુલી જતાં તેઓ નીચે પડી ગયાં હતાં. જોકે, આ દ્રશ્ય નિહાળી સુમિત્રાબહેને બુમાબુમ કરી હતી. જેથી ચોંકી ગયેલા ચાલકે તુરંત બસ રોકી હતી અને સૌ નીચે ઉતરી જતાં રામસીંગને ગંભીર ઈજા પહોંચી હતી અને તેઓ બેભાન થઇ ગયાં હતાં. આથી, તાત્કાલિક સારવાર માટે સંતરામપુરની હોસ્પિટલમાં ખસેડ્યાં હતાં. પરંતુ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું.

આ અંગે સુમિત્રાબહેને સંતરામપુર પોલીસ મથકે એસટી નં.જીજે 18 ઝેડટી 1750ના ચાલક અને ડ્રાયવર સામે ફરિયાદમાં જણાવ્યું હતું કે, કંડક્ટરે બસનો દરવાજો બરાબર બંધ કર્યો નહતો અને વળાંકમાં ચાલકે પૂરઝડપે વળાંક લેતાં રામસીંગ ફંગોળાયાં હતાં અને તેમનું મોત નિપજ્યું હતું. આ અંગે સંતરામપુર પોલીસે ગુનો નોંધ્યો હતો.

લગ્ન પ્રસંગથી પરત ફરતી વખતે અકસ્માત

# આણંદ નજીક પીકઅપની અડફેટે બાઈક ચાલકનું મોત

(પ્રતિનિધિ) આણંદ તા.24

આણંદના વહેરાખાડી નાયરા પેટ્રોલ પંપ પાસે એક બેફામ ગતિએ આવતા પીકઅપ ચાલકે મોટરસાયકલને હડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ગોઝારી દુર્ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા બાઈક ચાલકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે, જ્યારે તેમના પત્નીને નાની-મોટી ઈજાઓ પહોંચી છે.

પેટલાદના ધર્મજ ખાતે શ્યામ ઓટો સ્પેરપાર્ટસ ગેરેજ ચલાવતા પુખરાજભાઈ કૃષ્ણરામ રાજપુરોહિત ગત તા. 21-02-2026ના રોજ પત્ની અને દીકરા સાથે મોટરસાયકલ પર વહેરાખાડી ખાતે સંબંધીના લગ્ન પ્રસંગમાં ગયા હતા. બપોરે ચાર વાગ્યાની આસપાસ લગ્ન પતાવી પરત ફરી રહ્યા હતા ત્યારે વહેરાખાડી નાયરા પેટ્રોલ પંપ પાસે પુરપાટ ઝડપે આવતા એક ડાલાએ (પીકઅપ) તેમની મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં પુખરાજભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક 108 મારફતે શ્રીકૃષ્ણ કરમસદ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટના અંગે મૃતકના સાળા જયપ્રકાશ પુરોહિતે ખંભોળજ પોલીસ મથકે અજાણ્યા પીકઅપ ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# બોરસદના જાહેર માર્ગ પર પથરાયેલા કાટમાળથી પ્રજામાં અકસ્માતનો ભય

**રાત્રીના સમયે** અજાણ્યા વ્યક્તિઓએ સિમેન્ટ-રેતી-કોંક્રિટ મિશ્રિત કાટમાળ ખડકી દીધો

(પ્રતિનિધિ) બોરસદ તા.24

બોરસદ શહેરમાં હનુમાનજી મંદિરથી જૈન દેરાસર તરફ જતા માર્ગ પર અત્યંત આકર્ષક, મજબૂત અને સુવિધા સભર નવો રોડ બનાવવામાં આવ્યો છે, પરંતુ નવા નક્કોર રોડની બાજુમાં સિમેન્ટ-રેતી-કોંક્રિટ મિશ્રિત કાટમાળ અવરોધરૂપે ખડકી દેવામાં આવ્યો છે. જેથી ઘણી બધી હાલાકી ભોગવવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે

મળતી માહિતી મુજબ બોરસદમાં તાજેતરમાં જ નવા બનાવાયેલા રોડથી શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, જૈન દેરાસરમાં દર્શન માટે જતા શ્રદ્ધાળુઓ તેમજ રોજિંદી અવરજવર કરતા નાગરિકોને મોટી રાહત મળી છે. શહેરના ખૂબ ઉપયોગી માર્ગ તરીકે ગણના થઈ રહી છે.

પરંતુ નવા નક્કોર રોડની બાજુમાં રાત્રીના સમયે અજાણ્યા વ્યક્તિઓએ સિમેન્ટ-રેતી-કોંક્રિટ મિશ્રિત કાટમાળ અવરોધરૂપે ખડકી દેવામાં આવ્યો છે. પરિણામે રાહદારીઓ તથા વાહનચાલકોને અડચણ ઉભી થઈ રહી છે અને અકસ્માતની દહેશત પ્રવર્તી રહી છે. રોજબરોજ પસાર થતા વિદ્યાર્થીઓ, વડીલો અને દર્શનાર્થીઓ માટે હાલની સ્થિતિ જોખમી બની રહી છે.



આવી હરકતો સામે નાગરિકોમાં ભારે રોષ ભભુકી ઉઠ્યો છે. અડચણો ઊભી કરનાર અજાણ્યા વ્યક્તિઓ સામે શહેરભરમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. શહેરના નાગરિકોમાંથી માંગ કરી રહ્યા છે કે કાટમાળ તાત્કાલિક દૂર કરવામાં આવે,જવાબદાર તત્વોની ઓળખ કરી કાર્યવાહી કરવામાં આવવી જોઈએ. શહેરના હિતમાં તંત્રએ કડક પગલાં લે તેવી લાગણી વ્યક્ત થઈ રહી છે.

# તારાપુરમાં કંતાનની આડમાં છુપાવેલો વિદેશી દારૂ મળ્યો

(પ્રતિનિધિ) તારાપુર તા.24

તારાપુર-વટામણ હાઈવે પર ટોલ ગામ પાસે પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવી કંતાનના કોથળા નીચે છુપાવેલ વિદેશી દારૂની મોટી હેરાફેરી પકડી પાડી છે. આ સફળ રેડ દરમિયાન પોલીસે 16.46 લાખની કિંમતનો દારૂ અને આઈસર ટ્રક મળી કુલ 24.57 લાખનો મુદ્દામાલ જપ્ત કરી બે આરોપીઓની ધરપકડ કરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, તારાપુર પોલીસને હાઈવે પરથી વિદેશી દારૂ પસાર થવાની ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે ટોલ ગામ નજીક બ્રિજ પાસે વાહન ચેકિંગ દરમિયાન સાંજે ૬:૩૦ વાગ્યે શંકાસ્પદ આઈસર ટ્રક (નંબર GJ 15 AT 1248) ને અટકાવવામાં આવી હતી. ટ્રકની તલાશી લેતા ઉપર રાખેલા કંતાનના કોથળાઓની નીચેથી વિદેશી દારૂની કુલ ૧૩,૨૧૨ બોટલો મળી આવી હતી.

પોલીસે ઘટનાસ્થળેથી ટ્રક ચાલક સુમિત અર્જુનભાઈ પટેલ અને તેની બાજુમાં બેઠેલા ભરત રમણભાઈ પટેલ (બંને રહે. વલસાડ) ને દબોચી લીધા હતા. આરોપીઓની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, આ દારૂનો જથ્થો વલસાડના લાલુભાઈ પટેલે ભરાવી આપ્યો હતો અને ગોંડલના લાલુ નામના શખ્સને ત્યાં ઉતારવાનો હતો. તારાપુર પોલીસે પકડાયેલા બે શખ્સો અને દારૂ મંગાવનાર તથા મોકલનાર સહિત કુલ ચાર ગુનાખોરો સામે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ‘જુસ્સો’ અસીમિત: પ્રજ્ઞાચક્ષુઓએ ફૂટબોલમાં દમ બતાવ્યો



વલ્લભ વિદ્યાનગરના શાસ્ત્રી મેદાન ખાતે સેતુ ટ્રસ્ટ દ્વારા ગુજરાતમાં સૌપ્રથમ વાર આયોજિત લો-વિઝન ફૂટબોલ ટુર્નામેન્ટમાં અદમ્ય ઉત્સાહ સાથે ભાગ લેતા દિવ્યાંગ ખેલાડીઓ. જીવનના પડકારોને મેદાનની બહાર છોડીને જ્યારે આ ખેલાડીઓ ગોલ કરવા દોડ્યા ત્યારે તેમની હિંમત જોઈને સૌ કોઈ દંગ રહી ગયા હતા. આ ઐતિહાસિક ક્ષણ પ્રજ્ઞાચક્ષુ સુધાબેન પટેલના નેતૃત્વમાં સાકાર થઈ હતી. આ ફૂટબોલ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બનેલી સેતુ ટ્રસ્ટ આણંદની ટીમ અને પુરસ્કાર વિજેતા ખેલાડીઓ અભી નાઈ, યોગેશ પરમાર અને પરસોત્તમ રાઠવા. હાર-જીત કરતા પણ મેદાનમાં ખેલદિલી પૂર્વક રમેલા આ ખેલાડીઓના ચહેરા પરની ખુશી સમાજ માટે પ્રેરણારૂપ બની રહી હતી. આ સમાપન સમારોહમાં પોલિસ ઇન્સ્પેક્ટર ડી. આર. ગોહિલ અને અન્ય મહાનુભાવોએ ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# આહવા-નડિયાદ રૂટની ST બસમાં વૃદ્ધનું મોત

**મૃતક નડિયાદના** હોવાનું ખુલ્યું, કંડક્ટરે ડેપો મેનેજરને લેખિત જાણ કરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.24

આહવા ડેપોની આહવા-નડિયાદ રૂટની એસટી બસમાં મુસાફરી કરી રહેલા એક વયોવૃદ્ધ મુસાફરનું ચાલુ મુસાફરીએ સીટ પર જ કુદરતી રીતે મૃત્યુ નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે.

આ ઘટનાની વિગતો મુજબ, આહવા-નડિયાદ રૂટની ગાડી નંબર 9417માં 24મી ફેબ્રુઆરીના રોજ એક મુસાફર મુસાફરી કરી રહ્યા હતા. બસ માર્ગ પર હતી ત્યારે આ મુસાફર અચાનક પોતાની સીટ પર જ ઢળી પડ્યા હતા. આથી, બસના કંડક્ટર નરેશભાઈ કે. સોલંકીએ તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે મુસાફરનું અવસાન થયું છે. કંડક્ટરે આ અંગે ડેપો મેનેજરને પત્ર લખીને જાણ કરી હતી કે મુસાફરનું મોત કુદરતી રીતે થયું છે અને તેમાં એસટી તંત્ર કે સ્ટાફનો કોઈ વાંક નથી.

આ બનાવની જાણ થતા જ મુસાફરના ખિસ્સામાંથી મળેલા મોબાઈલ નંબરના આધારે તેમના સગાસંબંધીઓનો સંપર્ક કરવામાં આવ્યો હતો. મૃતકની ઓળખ વિઠ્ઠલભાઈ તરીકે થઈ છે, જેમના સંબંધીઓ નડિયાદના મરીડા ભાગોળ વિસ્તારમાં રહે છે. એસટી સ્ટાફ દ્વારા તાત્કાલિક એમ્બ્યુલન્સ અને પોલીસને જાણ કરવામાં આવતા, પોલીસે પંચનામું કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી કાર્યવાહી હાથ ધરી છે.

# નડિયાદમાં કાંસ પરના દબાણો ધૂળેટી બાદ હટાવવામાં આવશે

**તહેવારો બાદ 50થી** વધુ પાકા બાંધકામો પર પાલિકાનું બુલડોઝર ફરશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.24

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા શહેરના વરસાદી પાણીના નિકાલ માટેના અત્યંત મહત્વના એવા ‘કાંસ સફાઈ અભિયાન’ અંતર્ગત દબાણો તોડવાનો નિર્ણય હાલ પૂરતો પાછો ઠેલવામાં આવ્યો છે. હોળી-ધૂળેટીના પવિત્ર તહેવારોને ધ્યાને રાખી તંત્રએ સંવેદનશીલ અભિગમ અપનાવી આગામી દિવસોમાં યોજાનાર ડિમોલિશનની કામગીરી મોકૂફ રાખતા સ્થાનિક રહીશોને મોટી રાહત મળી છે.

નડિયાદ શહેરના સરદાર ભવનથી માહિતી ભવન સુધીના વિસ્તારમાં કાંસ પર અનેક પાકા બાંધકામો ખડકાઈ ગયા છે, જેના કારણે દર ચોમાસે શહેરમાં જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે ટાઉન પ્લાનર અશ્વિન ભોજક અને તેમની ટીમ દ્વારા માર્કિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અગાઉ 25 ફેબ્રુઆરીએ ડિમોલિશન નક્કી કરાયું હતું, પરંતુ તહેવારોની મર્યાદા જાળવીને નાગરિકોને સામાનની ફેરબદલ માટે પૂરતો સમય મળી રહે તે હેતુથી કામગીરીમાં વિલંબ કરવામાં આવ્યો છે.

વૈકલ્પિક આશ્રયના અભાવે રહીશોમાં રોષ બીજી તરફ, જે વિસ્તારોમાં દબાણ હટાવવાની નોટિસ અપાઈ છે ત્યાં વર્ષોથી રહેતા પરિવારોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. અનેક પરિવારો પાસે અન્ય કોઈ વૈકલ્પિક આશરો ન હોવાથી રાતોરાત ઘર ખાલી કરવાના નિર્ણય સામે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રહીશોની માંગ છે કે તંત્ર માનવતા દાખવી તેમને અન્ય વ્યવસ્થા પૂરી પાડે. જોકે, પાલિકા પ્રશાસને સ્પષ્ટ કર્યું છે કે તહેવારો પૂર્ણ થતા જ જડબેસલાક પોલીસ બંદોબસ્ત સાથે આ તમામ અવરોધરૂપ દબાણો દૂર કરવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવશે.

# એસપી યુનિવર્સિટીની 500 દીકરીને કેન્સર વિરોધી રસી અપાશે

**સરદાર પટેલ** યુનિવર્સિટીના ‘સંધાન-2006’માં સ્નેહ અને સેવાનો ત્રિવેણી સંગમ થયો

(પ્રતિનિધિ) આણંદ તા.24

વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સ્નેહમિલન કાર્યક્રમ ‘સંધાન-2026’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માત્ર સંસ્મરણો તાજા કરવા પૂરતો સીમિત ન રહેતા, સામાજિક ઉત્તરદાયિત્વનું ઉત્કૃષ્ટ ઉદાહરણ બન્યો હતો, જેમાં યુનિવર્સિટીની 500 દીકરીઓ માટે સર્વાઈકલ કેન્સરની રસીના ડોઝની સહાય પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા જાહેર કરવામાં આવી હતી.

એસપી યુનિવર્સિટીના ઈપ્કોવાલા ઓડિટોરિયમ ખાતે કુલપતિ પ્રો. નિરંજન પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે IIM કોઝીકોડના પ્રોફેસર ડો. અભિલાષ નાયર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે



કુલપતિએ પૂર્વ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીનો ‘જીવંત વારસો’ ગણાવતા આહવાન કર્યું હતું કે તેઓ પોતાની તજજ્ઞતા દ્વારા વડાપ્રધાનના ‘વિકસિત ભારત 2047’ ના સ્વપ્નને સાકાર કરવામાં સહભાગી બને. આ પ્રસંગે યુનિવર્સિટીની પ્રથમ એલ્યુમની સ્મરણિકા ‘યોગત્વ’ નું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય વક્તા ડો. અભિલાષ નાયરે સંસ્થાકીય શાસન, ગ્લોબલ કનેક્ટિવિટી અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં પૂર્વ વિદ્યાર્થીઓના યોગદાન વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના અંતે વિવિધ વિભાગોમાં પૂર્વ વિદ્યાર્થીઓએ પોતાના સહપાઠીઓ અને પ્રોફેસરો સાથે સંવાદ કરી જૂની યાદો તાજી કરી હતી.

આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રે નામના મેળવનારા પૂર્વ વિદ્યાર્થીનું સન્માન કરાયું હતું.

### ‘મણીબેન પટેલ ગોલ્ડ મેડલ’ની જાહેરાત

આ કાર્યક્રમ દરમિયાન ક્વાદક્વોન્ટમ પ્રાઈવેટ લિમિટેડના ડાયરેક્ટર જીવરાજભાઈ ડંખરાએ એક મહત્વપૂર્ણ જાહેરાત કરતા જણાવ્યું હતું કે, સેમી કંડકટર ક્ષેત્રે શ્રેષ્ઠતા માટે સરદાર વલ્લભભાઈ પટેલના પુત્રીના નામ પર ‘મણીબેન પટેલ ગોલ્ડ મેડલ’ આપવામાં આવશે. આ ઉપરાંત, અતિથિ વિશેષ મહેશ પાઠકે પૂર્વ વિદ્યાર્થીઓને ખૂબ ધન કમાઈને તેમાંથી ઉમદા દાન કરવા પ્રેરિત કર્યા હતા.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225